તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-10-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર નેશનલ ન્યૂઝ (સવાર)

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાઓ PDRના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી - બંને દેશોના વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગેની છ સમજુતીઓ ઉપર હસ્તાક્ષર કરાયા.**
2) **નેશનલ કોન્ફરન્સ-NC ના નેતૃત્વ હેઠળના ગઠબંધને જમ્મુ-કાશ્મીરમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો**
3) **તમિલનાડુના કાવરપેટ્ટાઈમાં ગઈકાલે રાત્રે એક પેસેન્જર ટ્રેન માલવાહક ટ્રેન સાથે અથડાતાં 16 લોકો ઘાયલ - કોઈ જાનહાનિ નહીં.**
4) **દેશભરમાં આજે દશેરા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી - રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ નાગરિકોને વિજ્યાદશમીની શુભેચ્છાઓ પાઠવી.**
5) **ભારત-બાંગ્લાદેશ વચ્ચે ત્રીજી અને અંતિમ T-20 મેચ આજે સાંજે હૈદરાબાદ ખાતે રમાશે.**

---

# EVE. PM EAST ASIA SUMMIT

**ભારત અને લાઓ** PDR **એ સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર વધારવા અંગેની છ સમજુતીઓ ઉપર હસ્તાક્ષર કર્યા છે.**

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

**સંયુક્ત રાષ્ટ્ર વિકાસ ભાગીદારી ભંડોળ દ્વારા લાઓસમાં પોષણક્ષમ આહાર સુનિશ્ચિત કરવાના પ્રોજેક્ટ માટે ભારત 10 લાખ અમેરિકી ડોલર આપશે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને લાઓ PDR ના પ્રધાનમંત્રી સોનેક્સાય સિફાન્ડોને વિયંગચાન ખાતે મંત્રણા કરી છે. બંને આગેવાનોએ દ્વિપક્ષીય સહકાર મજબૂત કરવા અંગે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી મોદીએ આસિયાન શિખર બેઠક અને પૂર્વ એશિયા શિખર બેઠકના સફળ આયોજન માટે શ્રી સિફાન્ડોનને અભિનંદ આપ્યા હતા.

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થાઈલેન્ડના પ્રધાનમંત્રી પી. શીનવાત્રા સાથે પણ દ્વિપક્ષીય સહકાર મજબૂત બનાવવા મંત્રણા કરી હતી.

અગાઉ વિયંગચાન ખાતે યોજાયેલી પૂર્વ એશિયાઈ શિખર બેઠકમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હિન્દ – પ્રશાંત વિસ્તારને શાંતિ અને સમૃદ્ધિવાળો વિસ્તાર બનાવવા મુક્ત, સર્વસમાવેશક, સમૃધ્ધ અને નિયમ આધારિત ક્ષેત્ર બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ વિશ્વના કેટલાંક સ્થળોએ ચાલી રહેલાં સંઘર્ષનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, વિસ્તારવાદ નહીં પણ વિકાસને મહત્વ આપવું જોઈએ. હાલમાં ચાલી રહેલા આ સંઘર્ષો વિકાસશીલ દેશો ઉપર નકારાત્મક અસરો કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, શાંતિ અને સમૃદ્ધિ માટે દરેક દેશની એકતા, સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન થવું જોઈએ. તેમણે સંઘર્ષનો ઉકેલ મેળવવા રાજદ્વારી પ્રયાસ અને મંત્રણાને મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. આંતકવાદને વૈશ્વિક શાંતિ સામેનો મુખ્ય પડકાર ગણાવીને શ્રી મોદીએ આતંકવાદનો સામનો સાથે મળીને કરવા સહુને અનુરોધ કર્યો હતો.

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

લાઓસની બે દિવસની મુલાકાત પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે સાંજે દિલ્હી પાછા ફર્યા છે.

........................................................................................

# J-K-GOVT-FORMATION

નેશનલ કોન્ફરન્સ-NC ના નેતૃત્વ હેઠળના ગઠબંધને જમ્મુ-કાશ્મીરમાં સરકાર બનાવવાનો  દાવો રજૂ કર્યો છે. પાર્ટીના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લા ગઈકાલે શ્રીનગરમાં ઉપરાજ્યપાલ મનોજ સિંહાને મળ્યા હતા અને તેમને આ સંબંધમાં એક પત્ર આપ્યો હતો.

આ અવસરે શ્રી અબ્દુલ્લાએ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી અને અન્ય સ્વતંત્ર સભ્યો સહિતના ગઠબંધન ભાગીદારો તરફથી સમર્થનનો પત્ર ઉપરાજ્યપાલને સોંપ્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં 90 વિધાનસભા બેઠકો માટે ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી, જેમાં દસ વર્ષના લાંબા સમય બાદ રેકોર્ડ મતદાન થયું હતું.

ઉપરાજ્યપાલને મળ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા શ્રી અબ્દુલ્લાએ કહ્યું કે તેમણે શ્રી સિંહાને શપથ ગ્રહણ સમારોહની તારીખ નક્કી કરવા વિનંતી કરી છે.

........................................................................................

# Passenger train Accident

તમિલનાડુના કાવરપેટ્ટાઈમાં ગઈકાલે રાત્રે એક પેસેન્જર ટ્રેન માલ-વાહક ટ્રેન સાથે અથડાતાં ઓછામાં ઓછા 16 લોકો ઘાયલ થયા હતા.

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

જોકે કોઈ જાનહાનિના સમાચાર નથી. અથડામણ બાદ ઓછામાં ઓછા 12થી 13 કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. ઈજાગ્રસ્ત મુસાફરોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ ઘટના દક્ષિણ રેલવેના ચેન્નાઈ ડિવિઝનમાં ગુમ્મીડીપૂંડી નજીક કાવરપેટ્ટાઈ ખાતે બની હતી, જ્યારે મૈસૂર-દરભંગા બાગમતી એક્સપ્રેસ પોનેરીમાંથી પસાર થઈ રહી હતી, ટ્રેન લૂપ લાઈનમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે તે ત્યાં ઉભેલી માલગાડી સાથે અથડાઈ હતી. 30 NDRFના જવાનો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયા છે.

તમિલનાડુના મુખ્યમંત્રી  એમ કે સ્ટાલિને અધિકારીઓને સારવાર લઈ રહેલા લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો આદેશ આપ્યો છે. નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિએ હોસ્પિટલોમાં ઘાયલોને મળ્યા અને તેમની સારવાર વિશે પૂછપરછ કરી. અન્ય મુસાફરો માટે બસ દ્વારા તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિભાગમાં બંને તરફ ટ્રેનોની અવરજવર અસરગ્રસ્ત બની છે દક્ષિણ રેલવેના જનરલ મેનેજર આરએન સિંઘે જણાવ્યું હતું કે આજે બપોર સુધીમાં સ્થિતિ સામાન્ય થઈ જશે.

....................................................................................

# PM-SURYA-GHAR-GUIDELINES

નવીનીકરણીય અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રાલયે પ્રધાનમંત્રી- સૂર્ય ઘર: મફત વીજળી યોજના હેઠળ નવીન યોજનાના અમલીકરણ માટે માર્ગદર્શિકા જારી કરી છે.

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આ યોજના હેઠળ રૂફટોપ સોલાર એનર્જી ટેક્નોલોજી, બિઝનેસ મોડલ અને એકીકૃત ટેકનોલોજી નવીન યોજનાને પ્રોત્સાહન આપવા માટે 500 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેનો ઉદ્દેશ નવા વિચારોને આગળ ધપાવવામાં સ્ટાર્ટઅપ્સ સાથે સંકળાયેલી સંસ્થાઓ અને ઉદ્યોગોને સમર્થન આપવાનો છે. જેમાં રૂફટોપ સોલર એનર્જીને ઇલેક્ટ્રિક વાહનો અને બેટરી સ્ટોરેજ સાથે જોડવા જેવી ઉભરતી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

મંત્રાલયે કહ્યું છે કે રાષ્ટ્રીય સૌર ઉર્જા સંસ્થા આ નવીન પ્રોજેક્ટના અમલીકરણ એજન્સી તરીકે કામ કરશે. પસંદ કરાયેલી યોજનાના ખર્ચના 60 ટકા અથવા 30 કરોડ રૂપિયા સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં પ્રધાનમંત્રી-સૂર્ય ઘર: મફત વીજળી યોજનાને મંજૂરી આપી હતી. તેનો હેતુ રૂફટોપ સોલાર ઉર્જા ક્ષમતા વધારવા અને રહેણાંક ઘરોને તેમની પોતાની વીજળી ઉત્પન્ન કરવા માટે સશક્તિકરણ કરવાનો છે.

................................................................................

# INCOME-TAX-COLLECTION

આવકવેરા વિભાગે નાણાકીય વર્ષ 2024-25 માટે અત્યાર સુધીમાં 13 લાખ 57 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ પ્રત્યક્ષ કર તરીકે પ્રાપ્ત કરી છે. તેમાં 7 લાખ કરોડ રૂપિયાથી વધુનો વ્યક્તિગત આવકવેરો અને 6 લાખ કરોડ રૂપિયાથી વધુનો કોર્પોરેટ કરનો સમાવેશ થાય છે.

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

વિભાગે ગઈકાલ સુધીમાં 2 લાખ 31 હજાર કરોડ રૂપિયાથી વધુના રિફંડ પણ જારી કર્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં ચોખ્ખા પ્રત્યક્ષ કર મેળવવામાં 18 ટકાથી વધુની નોંધપાત્ર વધારો થયો.

..............................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..............................................................................

# DUSSEHRA

દેશભરમાં આજે દશેરા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર આસુરી શક્તિ પર વિજયના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે. શારદીય નવરાત્રી અને દુર્ગા પૂજાના બીજા દિવસે દશેરા ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને વિજયાદશમીની શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે આ તહેવાર અન્યાય પર ન્યાયની જીતનું પ્રતીક છે. તેમણે કહ્યું કે ગૌરવ, કર્તવ્ય પ્રત્યે અડગતા, સદાચાર, નમ્રતા અને ન્યાય માટે સંઘર્ષના આ તહેવાર સાથે ઘણી પ્રેરણાદાયી વાર્તાઓ જોડાયેલી છે.

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

રાષ્ટ્રપતિએ શુભેચ્છા પાઠવી છે કે આસ્થા અને ઉત્સાહનો આ તહેવાર બધા માટે સફળતા, સમૃદ્ધિ અને ખુશીઓ લાવે.

........................................................................................

# VIJAYADASHAMI-RSS

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ કે. રાધાકૃષ્ણન આજે નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિજયાદશમી મહોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. RSS ના વડા ડૉક્ટર મોહન ભાગવત આ વાર્ષિક સમારોહમાં સંબોધન કરશે. આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહેશે. આ પ્રસંગે સંસ્થાના સભ્યો પગપાળા પદયાત્રા કરશે.

........................................................................................

# DHAMMA-CHAKRA-DAY-NAGPUR

68મા ધમ્મચક્ર પ્રવર્તન દિવસ નિમિત્તે આજે નાગપુરમાં દીક્ષાભૂમિ ખાતે દેશ-વિદેશના હજારો લોકો ભાગ લઈ રહ્યા છે.

ઓક્ટોબર 1956માં વિજયાદશમીના અવસર પર, ડૉ. બાબાસાહેબ આંબેડકરે તેમના લાખો અનુયાયીઓ સાથે નાગપુરની દીક્ષાભૂમિ ખાતે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. આ ઐતિહાસિક પ્રસંગની યાદમાં ધમ્મચક્ર પ્રવર્તન દિવસ ઉજવવામાં આવે છે.

........................................................................................

તા. 12-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# MENS-CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રીજી અને અંતિમ T-20 ક્રિકેટ મેચ આજે હૈદરાબાદમાં  રમાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમ શ્રેણીમાં બે-શૂન્યથી આગળ છે. દિલ્હીમાં રમાયેલી બીજી T20 મેચમાં ભારતે બાંગ્લાદેશને 86 રનથી હરાવ્યું હતું, જ્યારે ગ્વાલિયરમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે  સાત વિકેટે જીત મેળવી હતી.

..............................................................................